# Day to Day Current Affairs

## ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૫

### ૧. "મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના" :

- ગુજરાત સરકારે બિનઅનામત જ્ઞાતિઓના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના વિધાર્થીઓ,યુવાનો માટે 'મુખ્યપ્રધાન યુવા સ્વાંલબન યોજના' તા.24/09/15ના રોજ રાજ્ય સમક્ષ મુકી.
- બિનઅનામતની જ્ઞાતિઓ માટે આવી યોજના બહાર પાડનાર ગુજરાત દેશના પ્રથમ રાજ્ય છે.
- યોજનાનો વિકાસમંત્ર : 'ભણતરથી પગભર'
- યોજના પર એક નજર :

૧. ધોરણ -12 સાયન્સમાં 90 પર્સન્ટાઇલ લાવનાર વિધાર્થને 50% ફી સહાય.

૨. યોજનાનો લાભ લેવા બિનઅનામત કેટેગરીના વિધાર્થીના પરિવારની વાર્ષિક આવક રુ 4.50 લાખ સુધીની હોય તે યોજનાની મુખ્યશરત છે.

૩. બહારગામથી અભ્યાસ માટે હોસ્ટેલમાં રહેતા વિધાર્થી દર મહિને રૂ.૧૨૦૦ લેખે ૧૦ મહિનાની સહાય અપાશે.

૪. ધો. 1 થી 12 ના વિધાર્થીઓને નિ:શુલ્ક પુસ્તકો અને યુનિફોર્મ તથા SC,ST,OBC ને મળતી શિષ્યવૃતિના લાભો અપાશે.

૫. B.A, B.COM, B.Sc, બી.એડના ડિગ્રી કોર્સના સેલ્ફ ફાઇનાન્સ કોલેજના વિધાર્થીઓને ફીના 50% સહાય રુ 10 હજારની મર્યાદામાં કરાશે.

૬. ડિપ્લોમાંના વિવિધ ટેકનિકલ કોર્સિસમાં પ્રવેશ લેતા વિધાર્થીઓને ખરેખર ફી ના 50% અથવા વર્ષના 25 હજાર બેમાંથી જે ઓછુ હશે તે.

૭. ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓ માટે આવક મર્યાદા રાખવામાં આવી નથી.

૮.ખાનગી કોલેજમાં 75% બેઠકો મેરિટ પ્રમાણે ભરાશે.

૯. સરકારી અને ખાનગી કોલેજના ફોર્મની ફી સરકાર એકસરખી કરશે.

૧૦. ખાનગી એન્જિનિયરીંગ કોલેજના વિધાર્થીઓને ફી ની 50% સહાય અથવા દર વર્ષે મહતમ 50 હજારની સહાય.

૧૧. સેલ્ફ ફાયનાંસ કોલેજમાં પ્રવેશ લેતા વિધાર્થીઓને મેડિકલ અભ્યાસ માટે દર વર્ષે 2 લાખ લેખે 5 વર્ષમાં 10 લાખની સહાય.

૧૨. મેડિકલ, એન્જિનિયરીંગ વિધાર્થીઓને પુસ્તક ખરીદવા 5000ની સહાય.

૧૩. સરકારી નોકરી માટેની વયમર્યાદામાં 5 વર્ષનો વધારો જેમા SC,ST,OBC અને બિન અનામતાના દરેક વર્ગના ઉમેદવારોને લાભ મળશે.

૧૪. સ્પર્ધાત્મક પરિક્ષા માટે જિલ્લા સ્તરે ટ્રેનિંગ સેન્ટર શરુ કરાશે તેમજ 340 બેઠકોની ક્ષમતા વધારીને 1000 સુધી લઇ જવાશે.

૧૫. શૈક્ષણિક લાયકાત ઓછી હોય પરંતુ જેમના સ્કિલ્ડ હોય તેવા યુવનને પોતાનો વેપાર ધંધો શરુ કરવા કોઇપણ યુવાનને કોઇપણ પુરાવા વગરના પુરાવોની ઝંઝટમાં પડ્યા વગર રુ 50 હજારથી 10 લાખા સુધીની લોન વડાપ્રધાનની મુદ્રા યોજના માંથી મળશે.

૧૬. વડાપ્રધાનની મુદ્રા લોન પર ત્રણ વર્ષ સુધી 5% ની વ્યાજ સહાય સરકાર આપશે.

૧૭. આર્થિક નબળા વિધાર્થીઓની 60% ફી સરકાર ભરશે.

૧૮. આ યોજના આ વર્ષથી જ અમલી નબની છે જે કાયમી રહેશે.

૧૯. યોજના પાછળ સરકારને અંદાજીત વર્ષ 1000 કરોડનો ખર્ચ થશે.

### ૨. સૌરવ ગાંગુલી - ભુતપૂર્વ ક્રિકેટર :

- તાજેતરમાં ભારતના ભુતપૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલીની બંગાળ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે નિમણૂક કરાયા છે.

- જગમોહન દાલમિયાનુ નિધન થતા ખાલી પડેલ જગ્યા અને જવાબદારી હવેથી તે તત્કાલ અસરથી સંભાળશે.

- તેમજ દાલમિયાના પુત્ર અવિશેકને જ્યોઇટ સેક્રેટરી બનાવામાં આવ્યા છે.

Vivekanand Academy Gandhinagar

## ૩. ધનવાન ભારતીયોની યાદી :

- તાજેતરમાં પ્રખ્યાત મેગેજીન ફોર્બ્સ દ્વારા ધનવાન ભારતીએયોની બહાર પડાય હતી.

- 100 ધનવાન ભારતીઓની આ યાદીમાં મુકેશ અંબાણી 18.9 અબજ ડોલરાની સંપતી સાથે પ્રથમ ક્રમે છે.

- તેમણે સતત 9માં વર્ષ આ સ્થાન જાળવી રાખ્યુ છે.

- આ યાદીમાં મહિલા માત્ર ચાર છે. જેમા સાવિત્રી જિંદાલ 3.8 અબજ ડોલરની સંપતી સાથે સૌથી ધનવાન ભારતીય મહિલા બન્યા છે.

- ધનવાન ભારતીય મહિલાઓની યાદીમાં જિંદાલ ગૃપના સાવિત્રી ઉપરાંત યુએસવી ફાર્માના લિના તિવારી, વિનોદ ગૃપ્તા અને ઇન્દુ જૈનનો સમાવેશ થાય છે.

- ધનવાન ભારતીયોમાં પ્રથમ પાંચ

| નામ | સંપતી |
|---|---|
| ૧. મુકેશ અંબાણી | 18.9 અબજ ડોલર |
| ૨. દિલિપ સંઘવી | 18 અબજ ડોલર |
| ૩. અજીમ પ્રેમજી | 15.9 અબજ ડોલર |
| ૪. હિન્દુજા બ્રધર્સ | 15.9 અબજ ડોલર |
| ૫. પાલોનજી મિસ્ત્રી | 14.7 અબજ ડોલર |

## ૪. મંગળયાને 1 વર્ષ પુરૂ કર્યુ :

- 24 સપ્ટેમ્બર 2014 ના દિવસે મંગળની કક્ષામાં પહોચેલા ભારતના મંગળયાનને ગઇ કાલે 24 સપ્ટેમ્બર 2015ના રોજ 1 વર્ષ પૂર્ણ કર્યુ.

- શરૂઆતીતબક્કે મંગળયાનને 6 મહિના સુધી કામ કરવાનું હતુ. પરંતુ 6 મહિનાની કામગીરી પછી બધા ઉપકરણો સાજા જણાતા ઇસરોએ તેની કામગીરી લંબાવવાનું નક્કી કર્યુ હતું.

- 1 વર્ષ દમિયાન મંગળયાનના માર્ચ કલર કેમેરે આ મંગળની વિવિધ તસવીર લીધી હતી.

## ૫. સ્વામી દયાનંદ :

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના આધ્યાત્મિક ગુરૂ સ્વામી દયાનંદગીરીનું તારીખ 23 સપ્ટેમ્બર 2015ના રોજ અવસાન.

- 87 વર્ષની વયે લાંબા સમયની બિમારીના કારણે તેમનું અવસાન થયું.

## ૬. ‘કોર્ટ’ – ફિલ્મ :

- ભારતીય મરાઠી ફિલ્મ ‘કોર્ટ’ ને આગામી વર્ષના 88માં ઓસ્કાર એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી છે.

- આ વર્ષના નેશનલ ફિલ્મ એવોર્ડમાં ‘કોર્ટ’ને બેસ્ટ ફિલ્મ તરીકેનો એવોર્ડ મળ્યો હતો.

- દિગ્દર્શક : ચૈતાન્ય તામ્હણે

- ફિલ્મ અભીનેત્રી : ગીતાંજલી કુલકર્ણી

## ૭. મુસ્લીમા ધર્મના પાક શહેર મક્કામાં છેલ્લા 25 વર્ષની સૌથી ગમ્ખવાર દુર્ઘટના :

- તાજેતરમાં સાઉદિ અરબના મક્કા શહેરના હજ યાત્રા દરમિયા દુર્ઘટના સર્જાય હતી.

- નાસભાગમાં 719 લોકોના મૃત્યુ થયા અને 870 વધુ લોકો ઘાયલ થયા.

- આ દુર્ઘટનામાં ચાર ભારતીયના મૃત્યુ થયા.

- દુર્ઘટનાને ધ્યાને રાખીને ભારતના વિદેશમંત્રાલય દ્વારા ટોલ ફ્રી નંબરો જાહેર કરવામાં આવ્યા. જેનાથી મુશ્કેલીમાં ફસાયેલી કોઇપણ વ્યકિત સંપર્ક કરી શકે છે.

ટોલ ફ્રી નં-૧) 00966125458000 (૨)00966125456000

## ૮. વડાપ્રધાન વિદેશ પ્રવાસ :

- વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આયરલેન્ડના એક દિવસના પ્રવાસ બાદ અમેરિકા પહોચ્યા.

- સંયુકત રાષ્ટ્રના સંમેલનમાં ભાગ લેવા ગયેલા મોદીનો અમેરિકા પ્રવાસ 6 દિવસનો રહેશે.

Vivekanand Academy, Gandhinagar